**<u>આરોપી નામે કરણ પ્રવિણ પ્રજાપતિની આંક–૦૫ ની ડિસ્ચાર્જ અરજી તળે હુકમ.</u>**

**(૧)** આંક–૦૫ થી સી.આર.પી.સી. ની કલમ–૨૩૯ મુજબ આરોપીએ ડિસ્ચાર્જની અરજી આપી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ થયેલ છે. આરોપી સામે ફર્સ્ટ ગુ.ર.નં.૪/૨૦૧૯ થી તા.૨૪/૧૨/૨૦૧૯ ના રોજ ઈ.પી.કો.કલમ–૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ અને ૧૧૪ મુજબનો ગુન્હો જખૌ પોલીસ સ્ટેશન કચ્છ (પુર્વ) માં દાખલ થયેલ છે. પરંતુ આરોપી સામે ત્હોમતનામું ઘડી શકાય તેટલો પુરાવો ન હોઈ આરોપીને હાલના ગુન્હાના કામે બિનતહોમત છોડી મુકવા માટે રજુઆત કરેલ છે તથા પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે જે વંચાણે લીધા.

1. Surender@Tannu@ Tanva v. State of NCT of Delhi
2. State of Tamil Nadu V. R.Soundirarasu and Ors.
3. N.Suresh Rajan and Ors. V. State, (2014) 11 SCC 709
4. State of UP V. Dr.Sanjay Singh and Anr.,1994 Supp (2) SCC 707
5. Criminal Appeal No.335 of 2024, Mariam Fasihuddin & Anr. V. State by Adugodi Police Station & Anr.

**(૨)** ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આરોપીને બિનત્હોમત છોડી મુકવા સામે વાંધો નોંધાવેલ છે. સને–2015(0) AIJEL–HC–232371 જજમેન્ટ રજુ કરેલ છે જે વંચાણે લીધુ.

**(૩)** આ કામનું મુખ્ય ચાર્જશીટ તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ નામ.કોર્ટમાં થયેલ છે જેનો ફો.કે.નં.૩૦૫/૨૦૨૦ છે. જેમા આરોપી નં. ૧ રતનજી પાચુભા અબડા અને આરોપી નં. ૨ રોહિત વિઠ્ઠલદાસ ડાભી છે.

ત્યારબાદ તેનું પુરવણી ચાર્જશીટ તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ થયેલ છે જેનો ફો.કે.નં.૪૯૨/૨૦૨૧ છે. જેમાં આરોપી નં. ૧ તરીકે લાખાજી પાચુભા અબડા, આરોપી નં.૨ મયુરસિંહ જામસિંહ ઝાલા, આરોપી નં. ૩ તરીકે ગોવિંદ પરષોત્તમ ભાનુશાલી છે.

આ કામનું બીજુ પુરવણી ચાર્જશીટ તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ થયેલ છે જેના ફો.કે.નં. ૧૮૧/૨૦૨૩ છે. જેમાં આરોપી નં. ૧ કરણ પ્રવિણ પ્રજાપતિ, આરોપી નં. ૨ કાન્તીલાલ ખુશાલદાસ પંડ્યા, આરોપી નં.૩ રમેશ શામજી પટેલ, આરોપી નં.૪ વિપુલ કલ્યાણજી પટેલ, આરોપી નં.૫ મિતેશભાઈ નવીન દડગા, આરોપી નં.૬ લક્ષ્મણભાઈ ભાણજી ચૌહાણ છે.

જેમાં હાલની અરજીનો અરજદારને પુરવણી ચાર્જશીટમા ક્રિમીનલ કેસ નં.૧૮૧/૨૦૨૩ માં આરોપી નં.૧ તરીકે દર્શાવેલ છે. જેની સામે ઈ.પી.કો. કલમ-૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ અને ૧૨૦(બી) મુજબનો ગુન્હો નોંધી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ટુંકી હકીકત જોતા આરોપી નં. ૧ નાઓએ મનરેગા યોજના અંતર્ગત કેટલ શેડના કામોમા આ કામના આરોપી રતનજી પચુભા અબડા તથા મયુરસિંહ જામસિંહ ઝાલા તથા ગોવિંદ પુરષોત્તમ ભાનુશાલી સાથે ગોઠવણ કર્યા મુજબનું કેટલ શેડના કમીશનની ગોઠવણી કરી પુર્વ આયોજીત કાવતરુ રચી ૫૬ કેટલ સેડના ખાતા લાભાર્થીના ખાતા બદલી તેમની જગ્યાએ નક્કી કર્યા મુજબ સરપંચના પરિવારના તથા મેટ તથા તેના પરિવારના કુલ-૯ ખાતામા કેટલસેડના રૂપીયાનું પોતે જાણતા હોવા છતા વેરીફાઈ કરી સરકારી નાણાનું ચુકવણું કરી કેટલસેડ દીઠ કમીશનના રૂ.૧૩,૫૦૦/- પોતાના અંગત લાભ સારૂ કમીશન મેળવી સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરેલ છે. આરોપી નં. ૨ નાઓએ મનરેગા યોજના અંતર્ગત

કેટલસેડના કામોમા આ કામના આરોપીએ કેટલસેડના કામ મનરેગા ગાઈડલાઈન મુજબ થયેલ ન હોવા છતા તથા સ્થળ પર કામ અવરેજ ૫૦ ટકા અને તેનાથી ઓછું તથા એક કેટલસેડ ના બન્યો હોવા છતા સરકારી નાણા વેરીફાઈ કરી ચુકવવાના હોવા છતાં પુરેપુરા ચુકવી તેમજ સરપંચના પરીવારના તથા મેટ તથા તેના પરિવારના કુલ્લ ૦૯ ખાતામાં કેટલ સેડના નાણાનું ચુકવણું કરી સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરેલ છે. આરોપી નં.૩,૪,૫ નાઓએ મનરેગા યોજના અંતર્ગત કેટલસેડના કામોમા આ કામના આરોપીએ કેટલ સેડના કામ કરતી વખતે મનરેગા ગાઈડ લાઈન મુજબ જીઓ ટ્રેકીંગ કામ શરૂ થાય ત્યારે તથા ૫૦ ટકા કામ પુર્ણ થાય ત્યારે તથા તમામ કામ પુરું થાય ત્યારે આમ સ્થળ પર કામ એવરેજ ૫૦ ટકા અને તેનાથી ઓછુ થયેલ છે તથા ત્રણ કેટલ સેડ ન બન્યા હોવા છતા આમ જીઓ ટ્રેકીંગની કામગીરી ખોટી કરી ખોટા પ્રમાણપત્ર રજુ કરી ઉપરોક્ત આરોપી નં. ૧ કરણ પ્રવિણ પ્રજાપતિ સાથે મેલાપીપણુ કરી ખોટા દસ્તાવેજને સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી ગુન્હો કરેલ છે. આરોપી નં.૬ નાઓએ મનરેગા યોજના અંતર્ગત કેટલસેડના કામોમાં આ કામના આરોપીએ તે કેટલસેડના કામ મનરેગા ગાઈડલાઈન મુજબ થયેલ ન હોવા છતાં સ્થળ પર કામ એવરેજ ૫૦ ટકા અને તેનાથી ઓછું તથા બે કેટલ સેડ ન બન્યા હોવા છતા સરકારી નાણા વેરીફાઈ કરી ચુકવવાના હોવા છતાં પુરેપુરા ચુકવી ખોટા દસ્તાવેજને સાચા તરીકે ઉપયોગ કરી ગુન્હો કરવામાં એકબીજાનું મેળાપીપણું કરી મદદગારી કરી ગુન્હો કરેલ છે.

(૫) આ કામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તપાસનો અહેવાલ ચાર્જશીટ સાથે રજુ થયેલ છે. જેમાં તાલુકા વિકાસ શ્રી અબડાસાના પત્ર અન્વયે જખૌ ગામે મનરેગા યોજના હેઠળ થયેલ કેટલશેડના કામોની પ્રાથમિક તપાસ અન્વયે કામોની ડેટા એન્ટ્રીમાં અનીયમીતતા જણાયેલ છે જેના કારણે ચુકવણાની કાર્યપદ્ધતિમાં અનીયમીતતા જણાયેલ છે. જે સંદર્ભે મનરેગા શાખાના

આસીસ્ટન્ટ પ્રોગ્રામ ઓફીસર દ્વારા રકમ રીકવરી કરવા માટે સંબંધીત એમ.આઈ.એસ.કો.ઓ.ને સુચના આપેલી હતી અને રીકવરી રૂ.૧૬,૯૭,૩૨૦/- કરી મુળ ખાતામાં રકમ પરત લેવામાં આવેલ છે. જે લાભાર્થીઓના ચુકવણા થવા બાબતે નીચે મુજબના અધિકારીઓની જવાબદારીઓ નક્કી કરવામાં આવેલી છે.

તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા ગ્રામ્ય કક્ષાએથી શ્રીમિકોના જોબકાર્ડ બનાવવાની જવાબદારી છે તથા તમામ વિગતો ચકાસ્યા બાદ તાલુકા કક્ષાએ રજુ કરવાના થાય તેમજ મનગેરા યોજનાની ગાઈડ લાઈન મુજબ સાત રજીસ્ટરો ગ્રામ પંચાયત લેવલે તલાટી-કમ-મંત્રી દ્વારા નિભાવવના હોય છે. તેમજ ૧૩ જોબ કાર્ડ અત્રે રજુ કરવામાં આવેલ છે જેમાંથી બે જોબ કાર્ડ સાચા છે. જેમા તલાટી-સહ-મંત્રીની સહી છે. તેમજ બાકીના જોબકાર્ડમાં સરપંચ, તલાટી-સહ-મંત્રી અને અરજદારની સહી કરવામાં આવેલ નથી તથા રેકર્ડમાં વહીવટી ક્ષતિઓ જણાય છે.

મેટ-દ્વારા જોબકાર્ડ વેરીફીકેશન કરી તમામ આધાર પુરાવા સાથે તલાટી કક્ષાએ રજુ કરવાની જવાબદારી હોય છે. જોબકાર્ડ નં.૬૮૨ મા ક્રમ નં.૩ હવાબાઈ હસણ વાઘેર તા.૦૪/૦૭/૨૦૦૮ ના મૃત્યુ પામેલ છે તેમ છતાં જોબકાર્ડમાં નામ દર્શાવવામાં આવેલ છે. જોબકાર્ડ નં.૧૦૪૦ માં બે નામ દર્શાવવામાં આવેલ છે. જે પૈકી સુયા આસીબાઈ શીયાળ નામની વ્યક્તિ પરિવારમાં નથી જેથી નનામી શ્રમિકને જોબ કાર્ડમાં ઉમેરવામાં આવેલ છે અને તેમના ખાતામાં ચુકવણા કરવામાં આવેલ છે. જોબ કાર્ડ જેતે લાભાર્થી પાસે રાખવાનું હોય છે પરંતુ ઉક્ત કામોના જોબકાર્ડ મેટ દ્વારા પોતાની પાસે રાખવામાં આવેલ હતા. હાજરી પુરવાની જવાબદારી મેટની છે. મેટ દ્વારા મૃત્યુ પામેલ શ્રમિકોની ખોટી હાજરી પુરવામાં આવેલ છે.

એમ.આઈ.એસ. કો–ઓર્ડિનેટર દ્વારા તમામ ડેટા એન્ટ્રી કરવાની રહે છે. ઉક્ત બાબતે કેટલ શેડના કામોમા ઝાલા રાણા મયુરધ્વજસિંહ અને ભાનુશાલી ગોવિંદ એમ.આઈ.એસ.કો–ઓર્ડિનેટર દ્વારા ટેડા એન્ટ્રીમાં ખોટા ખાતાની એન્ટ્રી કરેલ હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. અત્રેની કચેરીએ રજુ કરેલ જોબ કાર્ડમાં સરપંચ, તલાટી–સહ–મંત્રી અને અરજદારની સહી ન હોવા છતાં ડેટા એન્ટ્રી થયેલ જણાય છે અને ઓનલાઈન ડેટા એન્ટ્રી થયેલ જોબ કાર્ડની વિગતોમાં પણ વિસંગતતા જણાય છે.

રજાક નાઈ એકાઉન્ટ આસીસ્ટન્ટ દ્વારા શ્રમિકોની સામે અન્ય ઈસમોના ખાતા હોવા છતાં વેરીફીકેશન કર્યા વગર એફ.ટી.ઓ. જનરેટ કરેલ છે. અત્રેની કચેરી આપવામાં આવેલ નોટીસના ખુલાસા મુજબ રજાક નાઈ એકાઉન્ટ આસીસ્ટન્ટ દ્વારા કામગીરીના ભારણના કારણે એકાઉન્ટ વેરીફીકેશન થઈ શકેલ નથી તેવું જણાવેલ છે.

એકાઉન્ટ આસીસ્ટન્ટ–દ્વારા એકાઉન્ટ વેરીફીકેશન કરી એફ.ટી.ઓ. જનરેટ કરવાની કામગીરી થતી હોય છે. આ કામે અધિક જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરનું નિવેદન વંચાણે લેતા એકાઉન્ટ આસીસ્ટન્ટે એમ.આઈ.એસ. દ્વારા જનરેટ કરેલ એફ.ટી.ઓ. (ફન્ડ ટ્રાન્સફર ઓર્ડર) માં સામેલ જોબ કાર્ડ ધારકના નામ અને એકાઉન્ટ નંબરનું વેરીફીકેશનની કામગીરી અને પોતાની ડીએસસી (ડીજીટલ સીગ્નેચર) કી દ્વારા ફર્સ્ટ સીગ્નેચર કરવાની કામગીરી તેમજ વાઉચરોની જાળવણી કરવાની હોય છે.

ટેક્નીકલ આસીસ્ટન્ટ–દડગા મિતેશ, પટેલ રમેશ અને પટેલ વિપુલ દ્વારા કામોની ગુણવતા જાળવેલ નથી. તેમજ સ્થળ પર બનેલ કેટલસેડના માપો કરતા માપ પોથીમાં વધારાના માપો દર્શાવેલ છે.

આસીસ્ટન્ટ પ્રોગ્રામ ઓફીસર–લીંબાચીયા અમિત દ્વારા તાલુકામા થતા મનરેગા યોજના હેઠળના તમામ કામોની મોનેટરીંગ કરવાની જવાબદારી હોય છે. જખૌ ગામે થયેલ કેટલસેડના કામોમા મોનીટરીંગ કરેલ હોય તેવું જણાતુ નથી. ઉક્ત કર્મચારી દ્વારા પોતાની ફરજો યોગ્ય રીતે બજાવેલ નથી જેથી તેમની સામે કાર્યવાહી કરવાની થાય છે.

ઉક્ત બાબતે ખાતાની વિગતો મેળવાની તથા સમયાંતરે જોબ કાર્ડ અધ્યતન કરવાની જવાબદારી નેટની છે. જે કાર્યવાહી કરવામાં આવેલ નથી. કેટલસેડના લાભાર્થીઓના ખોટા કાર્ડની વિગતો તાલુકા કક્ષાએ રજુ કરેલ છે. જેથી એમ.આઈ.એસ. કો–ઓર્ડિનેટર દ્વારા ખોટા ખાતાની ડેટા એન્ટ્રી કરેલ હોય તેવું જણાય છે. જેના કારણે એકાઉન્ટ આસીસ્ટન્ટ દ્વારા એફ.ટી.ઓ. કરવામાં આવેલ છે. જેમા ખાતાની ચકાસણી કરવામાં આવેલ નથી.

આ કામે અધિક જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરનું નિવેદન વંચાણે લેતા એમ.આઈ.એસ.દ્વારા એફ.ટી.ઓ. (ફંડ ટ્રાન્સફર ઓર્ડર) ની એન્ટ્રીને વેરીફીકેશન કરવાનું કામ એકાઉન્ટ આસીસ્ટન્ટનું હોય છે. ત્યારબાદ એકાઉન્ટ આસીસ્ટન્ટ ના લોગીન માથી એફ.ટી.ઓ. (ફંડ ટ્રાન્સફર ઓર્ડર) ને ફર્સ્ટ સીગ્નેચર કરી ને એપ્રુવ કરવામાં આવે છે ત્યારબાદ એફ.ટી.ઓ. (ફંડ ટ્રાન્સફર ઓર્ડર) ની ચકાસણી ડી.ટી.ઓ. (તાલુકા ડેવલપમેન્ટ ઓફીસર) ને કરવાની હોય છે. ત્યારબાદ ડી.ટી.ઓ. (તાલુકા ડેવલપમેન્ટ ઓફીસર) ની ડી.એસ.સી. (ડીજીટલ સીગ્નેચર) દ્વારા સેકન્ડ સિગ્નેચરક કરી પાસફોર પેમેન્ટ કરવાનું હોય છે.

આ કામે નીતિન વસંત સોલંકી અને મનજી મુળજી સંજોટ બન્ને પંચોની હાજરીમાં મસ્ટર રોલને કબ્જે કરેલ છે પરંતુ મસ્ટર રોલની ઝેરોક્ષ કોપી અથવા ટ્રુ કોપી આ કામે રજુ નથી.

**(૬)** આ કામે સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ છે જેમા સાહેદ (૧) દિલીપસિંહ પથુભા જાડેજા (૨) ઈકબાલ અલીમામદ રાઠોડ (૩) મહિપતસિંહ કારૂભા જાડેજા જેમાં તેઓ નિવેદન

આપેલ છે કે, સરકારી નાણાની જે ઉચાપત થયેલ છે તેમાં તમામ લેતી–દેતીનીસહી તાલુકા વિકાસ અધિકારીની છે. જે બાબતે તપાસ કર્યા વગર નાણાના ચેકો પાસ કરાવવામાં બેદરકારી દાખવેલ છે. જે બાબતનું કંપનીએ આપેલ અર્ચન ફાઉન્ડેશનનું લીસ્ટ સને–૨૦૧૭ થી ૨૦૧૯ નું આ કામે રજુ કરેલ છે. આ કામે સાહેદ અમિતભાઈ નારાણભાઈ લીંબાચીયા નાઓનું નિવેદન મુખ્યત્વે જોતાં " આ મારું રેકર્ડ ખરાઈ કરી જોતા ફરીયાદમાં થયેલ આક્ષેમ મુજબના કોઈપણ જાતની ગેરરીતિ કે સરકારી નાણાની ઉચાપત થયેલ હોય તેવું જણાતુ નથી. તેમજ ઓનલાઈન પેમેન્ટ કરવાની તમામ જવાબદારી એકાઉન્ટન્ટ તથા ટી.ડી.ઓ. સાહેબના ડોન્ગલથી થાય છે. તેમના યુઝર આઈ.ડી. પાસવર્ડ પણ તેમની પાસે હોય છે. તાલુકા કક્ષાએથી એકવાર ખાતા નંબર ફ્રીઝ થયા પછી ખાતા નંબર બદલાવી શકાતા નથી. જખૌ ગામે થયેલ કેટલ શેડમાં જે ખાતા નંબર બદલાયેલ છે જે જિલ્લા લોગ ઈનમાંથી થયેલ છે. જેના યુઝર આઈ.ડી. પાસવર્ડ એ.પી.ઓ. કે એમ.આઈ.એસ. પાસે નથી અને તેની સંપુર્ણ સત્તા જિલ્લામાં હોય છે. આ કામે બન્ને સાહેદો જકરીયા અબ્દુલા વાઘેર, મમુ ઈસ્માઈલ વાઘેર, પતુભા ભાઈજી અબડા, સાલેમામદ ઈસ્માઈલ ગજણ, જીજ્ઞેશભાઈ ધનજીભાઈ મહેશ્વરી ઉમર જુસબ સુયા નાઓના નિવેદન પ્રમાણે મસ્ટર રોલ નિભાવવાની જવાબદારી નેટની થાય છે.

(૭) આ કામે એમ.આઈ.એસ.કો–ઓર્ડિનેટર (મનરેગા) તરીકે ફરજ બજાવતા સાહેદ નિકુંજ ચંદ્રકાંત પરમાર નાઓનું નિવેદન વંચાણે લેતા જણાવે છે કે, “ નિયમ મુજબ જે બેંક અકાઉન્ટમાં નાણા જમા થવા જોઈએ તે ખાતા કેટલ શેડ ધારકના હોવા જરૂરી છે. અમારા મનરેગા યોજનાના નિયમ મુજબ આ બેંક એકાઉન્ટ જ્યારે બદલવાના હોય છે ત્યારે તાલુકા પંચાયત કચેરી ખાતેથી અમારી કચેરીને ઈ–મેઈલ દ્વારા જાણ કરી અને અકાઉન્ટ અનફ્રીજ કરવા જણાવવામાં આવે છે. પરંતુ આ કિસ્સામાં અમારી ઓફીસને આવો કોઈપણ એકાઉન્ટ

અનફ્રીજ કરવા કોઈ ઈ–મેઈલ તે લેખિત કોઈ જાણકારી આપવામાં આવેલ નથી. તેને કોઈપણ રીતે જિલ્લાના આઈ.ડી. પાસવર્ડ મેળવી તેના દ્વારા આ ખાતા અનફ્રિજ કરી અને લાગતા વળગતા આરોપી રતનજી પાચુભા અબડાના પોતાના તથા પોતાના કુટુંબીઓના એકાઉન્ટ નંબર નાખેલ છે અને તેમાં લાભાર્થીઓને મળવા જોઈતા હોય તે નાણા નાખેલ છે. આ સમયગાળામાં અમારી કચેરીએથી જે તપાસ અહેવાલ સોંપવામાં આવેલ છે તેમાં જણાવ્યા મુજબ ઉપરોક્ત ફરજો નલીયા તાલુકા પંચાયત કચેરીના એમ.આઈ.એસ. મયુરસિંહ ઝાલા તથા ગોવિંદભાઈ ભાનુશાલીની હતી. ઉપરોક્ત કામે ફરીયાદની હકીકત તથા ચાર્જશીટના કામે રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજ વંચાણે લેતા એમ.આઈ.એસ. દ્વારા ફંડ ટ્રાન્સફરની જે એન્ટ્રી કરવામાં આવેલ છે તે અન્ટ્રીનું વેરીફીકેશનનું કાર્ય એકાઉન્ટ આસીસ્ટન્ટનું છે. ત્યારબાદ એકાઉન્ટ આસીસ્ટન્ટ લોગઈન માંથી એફ.ટી.ઓ.(ફંડ ટ્રાન્સફર ઓર્ડર) ને ફર્સ્ટ સીગ્નેચર કરીને એપ્રુવ કરવામાં આવે છે. ત્યારબાદ ટી.ડી.ઓ. દ્વારા સેકન્ડ સીગ્નેચર જે ડીજીટલ સીગ્નેચર દ્વારા પેમેન્ટ પાસ કરવામાં આવે છે. આ કામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિક જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરનું રજુ થયેલ નિવેદન વંચાણે લેતા એકાઉન્ટ આસીસ્ટન્ટના ફર્સ્ટ સીગ્નેચરના લોગઈન માંથી એફ.ટી.ઓ.(ફંડ ટ્રાન્સફર ઓર્ડર) રીજેક્ટ કરતા એકાઉન્ટ અનફ્રિજ થયેલ છે અથવા ડી.પી.સી. ડેટા એન્ટ્રી ઓપરેટર લોગઈન માંથી એકાઉન્ટ અનફ્રિજ થયેલ છે. તે બાબત અત્રેથી જાણી શકાય તેમ નથી. પરંતુ આ અનફ્રીજ થયેલ એકાઉન્ટમાં ફેરફાર કરીને એકાઉન્ટ ફ્રીજ કરવાનું કામ ફક્ત પી.ઓ.ડેટા અન્ટ્રી ઓપરેટર લોગઈનમાંથી જ કરી શકાય છે. જિલ્લા કક્ષાએ ડી.પી.સી. ડેટા એન્ટ્રી ઓપરેટર લોગઈન હોય છે. આ લોગઈન ડિસ્ટ્રીક્ટ મીસ કો–ઓર્ડિનેટર દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. આ લોગઈનમાં તમામ ડેટા એન્ટ્રી તથા એકાઉન્ટ અનફ્રિજ કરવાનું કામ ડિસ્ટ્રીક્ટ મીસ કો–ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવે છે તથા તાલુકા

કક્ષાએથી એકાઉન્ટ અનફ્રિજ કરવા પત્ર અથવા તો ઈ–મેઈલ દ્વારા જાણ કરવામાં આવે તો તેના આધારે ડી.ઈ.સી ડેટા અન્ટ્રી ઓપરેટર લોગઈનમાંથી એકાઉન્ટ અનફ્રીઝ થઈ શકે છે. પરંતુ આ કામે મીસ કો–ઓર્ડિનેટનર આ કામની તપાસના કામે પોતાના નિવેદનમાં જણાવે છે કે, મનરેગા યોજનાના નિયમ મુજબ બેંક એકાઉન્ટ જ્યારે બદલવાના હોય છે ત્યારે તાલુકા પંચાયત કચેરી ખાતેથી તેમની કચેરીને ઈ–મેઈલ દ્વારા જાણ કરીને એકાઉન્ટ અનફ્રીઝ કરવા જણાવવામાં આવે છે. પરંતુ આ કિસ્સામાં તેમની કચેરીને કોઈપણ એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે કોઈ ઈ–મેઈલ કે લેખિત કોઈ જાણકારી આપવામાં આવેલી નથી. આ કામે બીજા સાહેદ નામે અમિતભાઈ લિંબાચીયાના નિવેદન પ્રમાણે તાલુકા કક્ષાએથી એકવાર ખાતા નંબર ફ્રીઝ થયા પછી ખાતા નંબર બદલી શકાતા નથી. આ કામે જે ખાતા નંબર બદલાયેલ છે તે જિલ્લા લોગઈનમાંથી થયેલ છે.

(૮) આ કામે સી.આર.પી.સી. ની કલમ–૨૩૯ વંચાણે લેતા પોલીસ અહેવાલ તથા તે સાથે કલમ–૧૭૩ હેઠળ મોકલવામાં આવેલ દસ્તાવેજો વિચારણમાં લીધા બાદ તથા મેજીસ્ટ્રેટને આવશ્યક જણાય તો આરોપીની તપાસણી (જો હોય તો) કર્યા બાદ તથા ફરીયાદપક્ષ અને આરોપીને રજુઆત કરવાની તક આપ્યા બાદ મેજીસ્ટ્રેટને આરોપી વિરુદ્ધનું તહોમત વજુદ વગરનું જણાય તો તેને તે બિનતહોમત મુક્ત કરશે તથા તેમ કરવા માટેના કારણો નોંધશે.

આમ, ઉપરોક્ત સમગ્ર દસ્તાવેજી આધારો ફરીયાદની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે તહોમતનામું તથ્ય વગરનું જણાઈ આવે છે. જેથી હાલના આરોપી નામે કરણ પ્રવિણ પ્રજાપતિને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

આ કામના આરોપી **કરણ પ્રવિણ પ્રજાપતિ** નાઓની **આંક–૦૫** ની ડિસ્ચાર્જની અરજી

મંજુર કરી તેઓને બિનત્હોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૧૭મી, માહેઃફેબ્રુઆરી, સને–૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ–૧૭/૦૨/૨૦૨૪
સ્થળઃ–નલીયા–કચ્છ.

**(એ.એમ.શુક્લા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
નલીયા–કચ્છ.
કોડ નં.જી.જે.૦૧૩૬૪

**//H.N.B.//**